## ટ્રેક નં. ૫૫ :આનંદ-સુખ-નિરાકુળતા વિષે

✻ 'સહજાનંદી રે આત્મા', પૂજ્ય બહેનશ્રી તો આનંદ સાગરમાં કેલી કરી રહ્યા છે. અરે! મને તો એમ થાય છે કે આનંદ મારી પાસે અને હું માણું નહીં! પણ કેવી રીતે માણું? એની વિધિ જ મને ખબર નથી. તો સાંભળો પૂજ્ય બહેનશ્રીની તત્ત્વ ચર્ચા અને શીખી લ્યો વિધિ.

✻ માંગલિક :

✻ ભક્તિ : મારે રહેવું અખંડ આનંદમાં રે,
આનંદમાં રે, નિજાનંદમાં રે,
મારે રહેવું અખંડ આનંદમાં રે,.

● બહેનશ્રી : સુખથી ભરેલો ભરપૂર આત્મા છે, સુખનો દેવ છે, સુખની દિવ્યતાથી ભરેલો દેવ છે. સુખદેવ ને સંન્યાસી. વિભાવથી સંન્યાસ છે. વિભાવ એનામાં નથી. વિભાવથી જુદો સંન્યાસી છે અને સુખથી ભરેલો દેવ છે. ૧.

✻ પ્રશ્ન : સંન્યાસી ?

● ઉત્તર : સંન્યાસી, ત્યાગી છે. વિભાવનો ત્યાગી છે સંન્યાસી. વિભાવ ત્યાગી, પરદ્રવ્યથી ત્યાગી, વિભાવનો ત્યાગી અને સુખદેવ, સુખથી ભરેલો સંન્યાસી. સંન્યાસી કેવો છે? સુખથી ભરેલો સંન્યાસી. આ બધા સંન્યાસ લઈ લે છે. ત્યાગ, વ્રત. એ પછી ઓલા કષ્ટ કરતા હોય ને, દુઃખ વેઠતા હોય, એવો સંન્યાસી નથી. આ તો સુખદેવ સંન્યાસી છે. ઈ વ્રત ધારણ કરે અને પછી જાણે પરાણે પરાણે કષ્ટ વેઠતા હોય સંન્યાસી, ત્યાગ લઈને જાણે પરાણે પરાણે પાળતા હોય બધા વ્રતો, એવો સંન્યાસી નથી. આ તો સુખથી ભરેલો સંન્યાસી છે. સુખ, સુખથી ભરપૂર છે. અને એને સંન્યાસ કેવો લીધો છે? કે સુખથી ભરેલો એ સંન્યાસી છે ને સુખનો પાર નથી. પોતાના અંતરમાં આનંદનો ભંડાર છે. એવો સુખ સુખથી ભરેલો સંન્યાસી.

વિભાવોનો ત્યાગી. બધું એનામાં કાંઈ નથી એવો ચૈતન્યદેવ સુખદેવ સંન્યાસી. અનાદિનો એનામાં પરદ્રવ્ય છે જ નહીં, વિભાવ એનો છે નહીં, એટલે બધાથી સંન્યાસ છે અને પછી જ્યારે સાધના પ્રગટ થાય ત્યારે એ સુખથી ભરેલો સંન્યાસી છે. એનો સંન્યાસ તો સહજાત્મામાં સુખથી ભરેલો એનો સંન્યાસ એવો છે. સહજ સાધના કરી લે એવો સુખથી ભરેલો સંન્યાસી. આવો દુઃખમય સંન્યાસ નથી એને એવો આત્મા છે. સંન્યાસી આત્મા, ત્યાગી આત્મા, સુખથી ભરેલો આત્મા, આનંદ ભંડાર, જ્ઞાનથી ભરેલો જ્ઞાની આત્મા બધું. ૨.

**✻ પ્રશ્ન : મહિમા ક્યોં નહીં આતી માતાજી? દિન–રાત ખાને–પીનેકી, કામ કરનેકી, પર–પદાર્થકી મહિમા આતી હૈ. ઈસકી મહિમા ક્યોં નહીં આતી?**

● ઉત્તર : સબકી મહિમા આતી હૈ. આત્માકી મહિમા નહીં આતી. આત્મા તો ઐસા અપૂર્વ ભંડાર, દિવ્યતાકા ભંડાર હૈ. અનાદિસે પરકી મહિમા આ રહી હૈ. ૩.

**✻ પ્રશ્ન : એ બરોબર આત્માને પકડે ત્યારે જ એને આનંદનું વેદન આવે છે?**

● ઉત્તર : આત્મામાં લીન થાય ત્યારે જ આનંદ આવે છે. તો એ અંદરથી પોતાને ગ્રહણ કરે. હજી સ્થૂળપણે ગ્રહણ કરે છે તો એને આકુળતા મંદ થાય. પણ ખરી શાંતિ આત્મામાંથી નથી આવતી. એ રોગમાંથી પોતે વિકલ્પ ફેરવે કે આ બધું–શરીરમાં રોગ છે, મારામાં નથી, એમ ભાવનાથી વિકલ્પથી શાંતિ રાખે, પણ ઈ શાંતિ અમુક જ છે. મંદ કષાયની શાંતિ. અંદર આત્મામાંથી જે શાંતિ આવે છે, એ કોઈ જુદી જ આવે છે. વિકલ્પ છૂટીને શાંતિ જે આવે, વિકલ્પ છૂટીને જે આનંદ આવે છે એ આનંદ કોઈ અનુપમ છે. ઈ સિદ્ધ ભગવાનની જાતનો આનંદ છે. એ આનંદ જુદો જ છે. એ આનંદને પોતે અનુભવી શકે. જુદો જ એને પડી જાય છે કે આ જુદું જ હતું ને આ જુદુ જ છે. ભેદ થઈ જાય છે એને. આ જુદું જ. આ આકુળતા ને

બધું સ્વરૂપ જુદું છે. આકુળતા સ્વરૂપ જુદું જ એનો ભેદ પડે છે. આ આત્મા છે. એનું સ્વરૂપ જુદું જ છે. એમ એને વિકલ્પ છૂટીને નિર્વિકલ્પનો આનંદ આવે છે. એને જુદો અંદર વેદાય જ છે. મંદ કષાય કે ભયંકર રોગ હોય અને વિકલ્પ કરીને શાંતિ રાખે કે 'હું જાણનાર છું, આ શરીર મારું નથી. આ વિકલ્પ હું નથી'—એમ ભાવના કરે તો મંદ રીતે એને આકુળતા ઓછી થાય. થોડી શાંતિ લાગે એવા વિચારોથી. પણ એ શાંતિ અંદરથી છુટુ પડીને આવવી જોઈએ એ શાંતિ નથી આવી. જ્ઞાની તો સવિકલ્પ દશામાં હોય, બહાર એનો ઉપયોગ હોય તોય તેને અમુક પ્રકારે તો શાંતિ રહ્યા જ કરે છે. વિકલ્પ છૂટીને જે આનંદ આવે એ આનંદ તો જુદો જ હોય છે. એમ જુદુ પડી જાય છે કે આત્મા આ જુદો જ. જગતથી જુદો ન્યારો એનું સ્વરૂપ, આનંદમયી ગુણોથી અદ્‌ભૂત સ્વરૂપથી ભરેલો એવો આત્મા જુદો જ છે. આ બધું જુદું જ છે.

એને અનુભવમાં આવે છે. કોઈને પુછવા ન જવું પડે. એ પોતે જ એને વેદી શકે છે. વેદન એને સુખનું થાય છે. (અજ્ઞાનીને) વેદન એને આવે પણ મુખ્ય એને દુઃખ. તેથી સુખ (માટે) તો એ ભમે છે. સુખની ઈચ્છાથી એ ભમતો હોય છે. બહારમાં જ્યાં દુઃખ લાગે ત્યાં પાછો ફરે છે. એકદમ, જ્યાં બહુ દુઃખ ને આકુળતા જ્યાં દુઃખનો પ્રસંગ આવે છે. (ત્યાંથી) ભાગતો ફરે છે. ક્યાં સુખ મળે? ક્યા સુખ મળે? ૪.

**✻ પ્રશ્ન : એ તો સ્વાભાવિક જ જીવની પર્યાય એ તો સ્વાભાવિક જ છે કે દુઃખ હોય ત્યાંથી ભાગવું?**

● ઉત્તર : ભાગવું એ જ એને અંદર પરિણતિમાં એ જ હોય છે. લાગે પછી ભલે પોતાની કલ્પનાથી દુઃખ લાગતું હોય છે. પણ ઈ દુઃખ લાગે એટલે ભાગતો હોય છે. એમ એને પ્રતીત થાય કે આ સુખ બહાર તો નથી. જ્યાં સુખ લેવા દોડું, ત્યાં સુખ તો ક્યાંય મળતું નથી. માટે સુખ ક્યાંક બીજે છે. કોઈ અંતરમાં એવું કાંઈક સુખ

અંતઃતત્વમાંથી આવી જવાનું. અંદરમાંથી, કે જે સુખ અંતરમાં હોવું જોઈએ. એમ કરીને પાછો ફરે છે કે જે શાશ્વત છે જેને કાંઈ બહારના સાધનોની જરૂર નથી. જે પરાધીન નથી. જે સ્વયંસિદ્ધ છે. જેને કોઈ તોડી શકતું નથી. જેના કોઈ વિઘ્ન આવતા નથી. એના માટે થઈને પોતે પાછો ફરે છે. આત્મા (જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન) જ્ઞાયક જાણનારો છે. તેનો જ્ઞાનગુણ કોઈ અપૂર્વ છે એમ પણ કરે, પણ મુખ્ય તો એને સુખનો હેતુ બધે હોય છે. સુખનો હેતુ હોય છે બધે. પોતાનું અસ્તિત્વ, જે જ્ઞાયક અસ્તિત્વ પહેલાં એને કાંઈ સુખ, સુખનું વેદન નથી આવતું. જ્ઞાયકનું અસ્તિત્વ ગ્રહણ કરે. જ્ઞાનગુણ એવો અસાધારણ છે. એ જ્ઞાન જ્ઞાયકતાથી નથી. પોતે હું જ્ઞાયક છું એમ જ એને ગ્રહણ થાય છે. પણ સુખની એને બધી એને પ્રતીત આવી જાય છે અંતરમાં, એને અનુભૂતિ તો પછી થાય છે. પહેલાં એને પ્રતીત આવી જાય છે અને એ એવી પ્રતીત આવી જાય છે કે દૃઢ એવી પ્રતીતિ, કોઈનો ચડાવ્યો ચડે નહીં. એવી પ્રતીત પહેલા આવી જાય છે. પરિણતિરૂપ પછી થાય છે પણ પ્રતીત થાય છે. ૫.

**✻ પ્રશ્ન : એને પોતાની મેળે વિચાર કરતાં બુદ્ધિપૂર્વકનો વિશ્વાસ એવો ઉત્પન્ન થાય છે કે ‘હું (છું) ?**

● ઉત્તર : અસ્તિત્વને ગ્રહણ કરે છે. ‘આ હું છું’ મારો જે સ્વભાવ એ સ્વભાવની પરિણતિ રૂપે, પણ એ સ્વભાવ રૂપે પરિણમન થાય એમાં જ છે બધું. એટલો વિશ્વાસ, એટલો સંતોષ એને આવી જાય છે. ૬.

**✻ પ્રશ્ન : બહારમાં ક્યાંય મળે એમ નથી એમ પણ એને પાક્કું થઈ જાય છે ?**

● ઉત્તર : હા, પાક્કુ થઈ જાય છે. બહારમાં કાંઈ મળવાનું નથી. બહારથી જે માન્યતા છે, બધી જૂઠી છે. બહારથી બધું પરાધીન છે. પરાધીનતામાં ક્યાંય સુખ નથી. બધું બહારનું છે. બધું વિભાવિક છે, સ્વાભાવિક નથી. જ્ઞાન ક્યાંય બહારથી આવતું નથી. સુખ ક્યાંય

બહારથી આવતું નથી. બધું પોતામાં ભરેલું છે. એને બોજો થાતો નથી. એને યાદ રાખવું પડતું નથી. સહજ બધું જાણે છે. એ જ્ઞાનગુણ અવ્યાબાધ ગંભીરતાથી ભરેલો છે. અમુક પોતે ભરીને ભાવને નક્કી પોતાના સ્વભાવમાંથી નક્કી કરે ને વિચાર રૂપે થાય, સ્વરૂપે આગળ જાય તો પોતાના સ્વભાવને મેળવીને પણ પ્રતીત આવે છે. એમ ભાવભાસન થાય છે. ૭.

*** પ્રશ્ન : શાસ્ત્રથી અને જ્ઞાનીના વચનોથી (વિશ્વાસ આવે) ?**

● ઉત્તર : શાસ્ત્રથી, જ્ઞાનીના વચનોથી, યુક્તિના અવલંબનથી પોતે અંદર યુક્તિ. એ યુક્તિ એની એવી હોય કે જે ક્યાંય તૂટે નહીં એવી જાતની નિર્બાધ યુક્તિથી એ નક્કી કરે છે. પોતે પોતાનાં સ્વભાવ જાતની સાથે મેળવીને એવી રીતે યુક્તિથી નક્કી કરે છે. સ્વભાવ જ્ઞાનનો છે. જે અંદર આકુળતાનું વેદન થઈ રહ્યું છે અને આકુળતા સિવાય પણ છે બીજું અંદર જ્ઞાન એકલું, એમાં નિરાકુળતા અમુક છે. એમાં સુખ પણ ઈ. બધું અમુક પોતાના વેદનથી, પોતાને જે ભાવમાં વેદાઈ રહ્યું છે પોતાના સ્વભાવને મેળવીને, એવી રીતે એની યુક્તિથી નક્કી કરે છે. ગુરુના વચનોના અવલંબન, શાસ્ત્રના અવલંબન લે છે. ૮.

*** પ્રશ્ન : આત્મા પ્રાપ્ત કરવાથી જે આનંદ થાય એનું શબ્દમાં વર્ણન થઈ શકે ખરૂં ?**

● ઉત્તર : એ તો શબ્દમાં વર્ણન થાય એ આત્માના સ્વભાવનો આનંદ તો અનુપમ છે. એને કોઈ ઉપમા લાગુ પડતી નથી જગતના કોઈ પદાર્થની કારણ કે આ તો બહારનું છે એ તો બધું રાગ મિશ્રિત જડ પદાર્થ બધું નજરે પડે છે. ઓલો આત્માનો જે સ્વભાવ ચૈતન્યમૂર્તિ એમાં જે ચૈતન્યનો આનંદ છે અને ઈ ચેતન્યનો આનંદ જે અંતરમાં આનંદ સાગરથી સ્વતઃ સ્વભાવ જ એનો ભરેલો છે. એને એના ઉપર દૃષ્ટિ કરીને એનું ભેદજ્ઞાન વિભાવથી છુટ્ટો પડી વિકલ્પ છૂટીને અંદર જે નિર્વિકલ્પ તત્ત્વ જે પ્રગટ થાય, એની કોઈ

ઉપમા બહારમાં નથી. એ અનુપમ છે. એની કોઈ ઉપમા નથી. જગતથી જાત્યાંતર, જુદો જ આનંદ છે. એની જાત કોઈ સાથે મળતી નથી. તો દેવલોકનાં સુખ કે ચક્રવર્તીનું રાજ કે કોઈની સાથે એનો મેળ નથી. એ બધા વૈભાવિક છે. બધા રાગમિશ્રિત છે. જે રાગ જેમની સાથે રહેલો છે, એ એની સાથે મેળ નથી. ઊંચામાં ઊંચા શુભભાવો હોય તો પણ એ શુભભાવો છે. એ શુભભાવ સાથે પણ એનો મેળ નથી. શુભભાવથી પણ જુદો શુદ્ધાત્મા છે. મંદ કષાયો હોય. હું જ્ઞાન છું, હું દર્શન છું, હું ચારિત્ર છું, પહેલાં શરૂઆતમાં એ બધા વિકલ્પ આવે આત્મસ્વભાવને ઓળખવા માટે, તો પણ એ વિકલ્પ મિશ્રિત, જે રાગ છે વિકલ્પ મિશ્રિત એની સાથે આત્માના આનંદનો મેળ નથી. આત્માના આનંદ તો એનાથી જુદો જ છે. ૯.

*** પ્રશ્ન : સુખ જોઈએ છે તો ચૈતન્યની મૂળ ઋદ્ધિ સુખ છે કે જ્ઞાન છે? પૂર્ણ જ્ઞાન વગર પૂર્ણ સુખ હોય નહીં. તો સુખ માટે જ્ઞાનનો આધાર છે?**

● ઉત્તર : સુખ. જીવ સુખ માટે ઈચ્છી રહ્યો છે. પણ સુખ માટે પ્રયોજનભૂત જ્ઞાનની જરૂર છે. જ્ઞાનની ઋદ્ધિ, જ્ઞાનગુણ મુખ્ય આત્માનો છે, પણ ઋદ્ધિ માટે પ્રયત્ન કરવાનો નથી. જીવ સુખને ઈચ્છી રહ્યો છે. ઋદ્ધિ, જ્ઞાન, ઝાઝું જાણ્યું અને બધું લોકાલોકને બધું પ્રત્યક્ષ જણાય, એ ઋદ્ધિ માટે પ્રયત્ન કરવાનો નથી. જ્ઞાન ગુણ મુખ્ય છે અને જીવનો સુખગુણ પણ વિશેષ ગુણ છે. તોપણ જ્ઞાન મુખ્ય હોવા છતાં ઋદ્ધિ માટે જ્ઞાન મુખ્ય ઋદ્ધિ માટે પ્રયત્ન કરવાનું મોક્ષમાર્ગમાં હોતું નથી. આત્મા સુખમય અંદર એને અંદર ચેન નથી પડતું. દુઃખ એને થાય છે. સુખ માટે પ્રયત્ન હોય છે જ્ઞાન માટે પ્રયત્ન હોતો નથી. પણ મુખ્ય પ્રયોજનભૂત જે તત્ત્વ છે. એને મુખ્ય જાણે કે હું કોણ છું? આ વિભાવ શું છે? પ્રયોજનભૂત જાણે, કે પછી ઝાઝું જાણવાની જરૂર નથી હોતી કે કેવળજ્ઞાન જાણે, જાણવાની જરૂર નથી હોતી. પણ શાસ્ત્રમાં આવે છે, પહેલાં વીતરાગતા થાય, પછી

સર્વજ્ઞતા થાય છે. ભીતર જ્ઞાન તે પૂર્ણ જ્ઞાન થાય, પછી પૂર્ણ સુખ થાય, એમ નથી. પહેલાં વીતરાગતા થાય, અંદર શાંતિ, સુખ ને આનંદ વીતરાગતા થાય પછી જ્ઞાન થાય છે, મુખ્ય પુરુષાર્થ કરવાનો, જ્ઞાયકને ઓળખીને, વીતરાગતા પ્રગટ કરવાનો છે શ્રદ્ધાની સાથે વીતરાગતા પ્રગટ કરવાની છે. જ્ઞાન માટે પ્રયત્ન કરવાનું હોતો નથી, ઝાઝુ જાણવા માટે. ઋદ્ધિ માટે પ્રયત્ન કરવાનો હોતો નથી શાસ્ત્રમાં આવે છે. શ્રીમદ્ કહે છે, 'જેને જૈનનું કેવળજ્ઞાનેય નથી જોતું એને પ્રભુ ક્યું પદ આપશે?' કેવળજ્ઞાન માટે પ્રયત્ન કરવાનો હોતો નથી. એક જ્ઞાયકને ઓળખીને દૃષ્ટિ એક આત્મા ઉપર રાખીને પછી મતિશ્રુત ને અવધિ, ને મનઃપર્યય ને કેવળ એના, એને વધારવાની જરૂર નથી હોતી. ઈ તો વચ્ચે લીનતા ન થાય, ત્યાં સુધી સાધક દશા હોય, ત્યાં સુધી મતિ શ્રુત વચ્ચે આવે છે. પણ કંઈ કેવળજ્ઞાન પ્રગટાવવું, અવધિજ્ઞાન પ્રગટાવવું, મનઃપર્યયજ્ઞાન, મતિશ્રુત ને કેવળજ્ઞાન પ્રગટાવવું એ કેવળજ્ઞાન પ્રગટાવવાનો કોઈ પ્રયત્ન હોતો નથી. એના ઉપર દૃષ્ટિ હોતી નથી કેવળજ્ઞાન ઉપર. અંદર સ્વરૂપમાં શ્રદ્ધાની સાથે લીનતા થાય, વીતરાગતા થાય, એટલે સહજજ્ઞાન પ્રગટે છે. ઋદ્ધિ ઉપર દૃષ્ટિ હોતી જ નથી. જે બાહ્ય ઉપર દૃષ્ટિ, બાહ્યની ઋદ્ધિ તો બધી 'રજકણ કે ઋદ્ધિ વૈમાનિક દેવની, સર્વે માન્યા પુદ્‌ગલ એક સમાન જો'. ૧૦.

● ભક્તિ : રજકણ કે ઋદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યા પુદ્‌ગલ એક સ્વભાવ જો,
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે.

● બહેનશ્રી : ને અંદરની ચૈતન્યઋદ્ધિ જ્ઞાનમાં જાણે કે આત્મા કોઈ અલૌકિક જ્ઞાન ઋદ્ધિ છે. અનુપમ આનંદ છે. અનંત શક્તિઓ છે. પણ સાધનામાં એને એવા રાગનાં વિકલ્પ એવા લાલસાના વિકલ્પ નથી હોતા, એને અંતરમાંથી એક શાંતિ જોય છે. શાન્તિ કેમ પ્રગટ થાય? બસ, મને આત્મામાંથી, સ્વભાવમાંથી, મારો શું

સ્વભાવ છે? એમ તત્ત્વને ઓળખીને, મને સ્વભાવમાંથી શાંતિ, વીતરાગતા, મારું જ્ઞાન, મારો જ્ઞાયકદેવ મને કેમ પ્રગટ થાય? એટલી એવી એની ભાવના હોય છે. એને બધાં વિકલ્પ અનંત શક્તિઓનાં અને જ્ઞાન કેમ ઝાઝું જાણ્યા કરવું, એવી જાતનો પ્રયત્ન સાધક દશામાં હોતો નથી. એક આત્માને જાણે, એટલે બધું આવી જાય છે. એમાં એને બહાર જાણવાની, ઝાઝું જાણવાની જરૂર પડતી નથી. ૧૧.

✻ પ્રશ્ન : સુખ માટે વીતરાગતા?

● ઉત્તર : હાં, સુખ માટે વીતરાગતા, પ્રયોજનભૂત જ્ઞાન હોય પહેલાં, પહેલા આત્માને જાણે, પ્રયોજનભૂત જ્ઞાન હોય, પછી એમાં સુખ માટે વીતરાગતાની જરૂર છે. જ્ઞાનની જરૂર નથી. જે વીતરાગ થાય, એમાં સંપૂર્ણ શાંતિ, આનંદ બધું સુખ એમાં છે, વીતરાગતામાં, પ્રયોજનભૂત જ્ઞાન હોય છે. જ્ઞાનગુણ આત્માનો છે. એ તો સહજ પ્રગટે છે. વીતરાગતા થાય એટલે જ્ઞાન સહજ પ્રગટે છે. જ્ઞાન લોકાલોક (અને) પોતાને જાણે ને સ્વપરપ્રકાશક જ્ઞાનથી સર્વ જાણે છે એ કાંઈ એને પ્રગટાવવા જાવું પડતું નથી. દૃષ્ટિ ને અવલંબન એક જ્ઞાયકનું જ હોય છે. એની દૃષ્ટિ મતિશ્રુત, અવધિ મનઃપર્યય કેવળજ્ઞાનનાં ભેદોમાં રોકાતી નથી. જ્ઞાનમાં જાણે. આ મતિ, શ્રુત, અવધિ, ક્ષયોપશમજ્ઞાનનાં ભેદો, ક્ષાયિકનાં ભેદ પણ એમાં કોઈ રોકાતો નથી. એમાં દૃષ્ટિમાં કોઈ જાતનો ભેદ હોતો નથી. સંપૂર્ણ વીતરાગ થાય તે સંપૂર્ણ સર્વજ્ઞ થાય છે. ૧૨.

✻ પ્રશ્ન : જે જાણીને આનંદ થાય, કેવી રીતે હોય તે?

● ઉત્તર : જ્ઞાનીને આનંદ હોય તે પણ આત્મામાંથી આવેલો આનંદ હોય. જે આનંદની કોઈ ઉપમા લાગુ પડતી નથી. જગતમાં કોઈ એવું સુખ નથી કે જેને એનું દૃષ્ટાંત આવે. એનું દૃષ્ટાંત નથી, કારણ કે દેવલોકનાં સુખ, ચક્રવર્તીના સુખ કે રાગના સુખ એ બધાં તો પૌદ્ગલિક છે. એ બધા તો ભાવ રાગ મિશ્રિત છે. એ તો બધા

રાગથી માનેલા કલ્પિત છે. ઈ સુખની સાથે આત્માના સુખ એ કાંઈ મેળ નથી. તો એને કોઈ ઉપમા નથી કારણ કે એ અનુપમ છે. આ તો ચૈતનથી આવતું સુખ. ચૈતનમાંથી આવતો આનંદ છે. ઈ કાંઈ ભણીને આવે એવું નથી. પણ ઈ અનુપમ છે. ઈ ચૈતનનો આનંદ, એ જ્ઞાનીનો સ્વાનુભૂતિનો આનંદ એ અનુપમ છે. એને કોઈ ઉપમા નથી. આત્મામાંથી ઉત્પન્ન થતો છે. અને અનુપમ છે. જગતમાં કોઈ સુખ સાથે એને મેળ નથી. આ બધું જગતનું સુખ કલ્પિત માનેલું છે. વાસ્તવિક સુખ છે જ નહિ. એ તો બધી આકુળતા છે. બહારના સાધનો સારા મળે, બહારનું શરીર ને બધાં સાધનો સારા મળે, બધા ખાવા, હરવા, ફરવા અને બધું મળે એ કાંઈ સુખ નથી. સુખ તો આત્મામાં રહેલું છે. એ તો અનુપમ છે. એને કોઈ ઉપમા લાગુ પડતી નથી કે દેવલોકના ને ચક્રવર્તીના સુખ કરતા અનંત ગણું, એમ એનું ટોટલ પણ નથી. કારણ કે એ જાત જ જુદી છે. આ તો જડ તરફ કલ્પિત માનેલું, ને આ તો જાત જ જુદી છે. આ તો ચૈતન્ય છે. ઓલું તો જડમાં પોતે ભ્રાન્તિ કરીને કલ્પનાથી માનેલું છે. એને સ્વાનુભૂતિમાં જણાય એવું છે એને અનુભવમાં. જે ચૈતન્યને ઓળખે, એનું ભેદજ્ઞાન કરે, ને સ્વરૂપમાં લીન થાય, એને ઈ ઓળખી શકે છે. એને સ્વાનુભૂતિમાં આવે છે. એને કોઈ ઉપમા નથી. ૧૩.

* પ્રશ્ન : હવે, આનંદ અથવા સુખ જ્યારે સાધક પોતાના સ્વરૂપમાં એકાગ્ર થાય, ત્યારે સુખનો અનુભવ અથવા વેદન આપોઆપ થાય, આપણે એ પ્રમાણે આપણી પદ્ધતિ છે. જ્યારે, ઈ જ્યારે આપોઆપ એના સુખનો અનુભવ થાય છે સાધકને આનંદ તો પોતાના સ્વરૂપનું. જે જ્ઞાન થયું કે મારાં સ્વરૂપમાં કોઈ પણ પ્રકારના મોહાદિ ભાવોનો અભાવ જ છે. એટલે કે આકુળતાનો બિલકુલ અભાવ, ઈ એ જે છે ને વેદનમાં તે સમયે આનંદ છે. આપણે જ્યારે અંદર જઈને બહાર આવીએ ત્યારે એમ થાય કે આ આકુળતાનો

અભાવ છે. મોહનો અભાવ છે. મારા નિર્વિકલ્પ સ્વભાવમાં બધાનો અભાવ જોયો. એટલે આનંદનું જે અનુભવ છે. એ નેગેટીવ એટલે કે ભાષામાં આવે છે નકારથી. વિધિ અને નિષેધથી આવે કે મારા અનુભવમાં કોઈ પણ પ્રકારનો મોહ અને આકુળતા મારામાં, આ મારા સ્વરૂપમાં નથી. વેદન તો પોઝીટીવનું એટલે કે આનંદ જે સુખગુણનું વેદન જે થાય છે, ઈ એને નકારાત્મક વેદન નથી?

● ઉત્તર : એને મોહાદિ ને આકુળતા ટળી ગઈ એટલે નિરાકુળતા પ્રગટ થઈ ઈ તો શાન્તિરૂપ છે. એ મને એક શાંતિ અને સુખ પ્રગટ થયું ઈ જે આકુળતા વિભાવમાં થાતી હતી ત્યાં અમુક અંશે શાંતિ તો એને ભેદજ્ઞાનની ધારામાં પ્રગટે છે. જ્ઞાતાધારા છે ત્યાં અમુક જાતની શાંતિ સમાધિની પ્રગટે છે. નિરાકુળતા અંશે પ્રગટે છે. ઈ જ્ઞાન અને ભેદજ્ઞાનની ધારા, પણ વિકલ્પ તૂટીને અંતરંગમાં જાય છે એમાં એ આનંદગુણ છે ચેતન્યનો, એ જે આનંદ ગુણ મોહાદિનો અભાવ એટલે ઈ શાંતિ કે સુખ, સુખ માત્ર નહિં, પણ આનંદ કોઈ ભાષામાં ન આવે, ઈ વસ્તુ આનંદ સદ્ભાવરૂપ અસ્તિત્વ, એક આનંદગુણ આત્મામાં સ્વયં છે. આનંદ અને શાંતિ. ઈ બે જુદી જાતિ છે. શાંતિ છે ઈ સમાધિરૂપ છે, આનંદ છે, ઈ તો એક એનું વચનોમાં ન આવે આનંદ ગુણ છે. જે ઈ બહારમાં 'આજ મને બહુ આનંદ આવ્યો' સુખથી એક વાત જુદી, 'આજ મને બહુ આનંદ આવ્યો ઈ જે અંદરથી', એને અંદરથી જે ધ્વનિ આવ્યા કરે છે, બહારમાં જ્યાં ત્યાં આનંદ ગોતવા જાય છે એ આનંદને વિભાવમાં વિપર્યાસ થઈ ગયો છે. પણ ઈ આનંદગુણ ખરેખર, ઈ કોઈ વચનાતીત છે. ઈ આનંદગુણ એને નિર્વિકલ્પ દશામાં એને પ્રગટ થાય છે. ૧૪.

* પ્રશ્ન : એ સદ્ભાવરૂપે ક્યારે પ્રગટ થાય? ભાષામાં એમ આવે છે. ભાષામાં આમ કહે છે કે કોઈ ભી આકુળતાના અભાવ એકદમ નિરાકુળતા છે એ સદ્ભાવ?

● ઉત્તર : એ નિરાકુળતારૂપ નહીં પણ આનંદગુણ પોતે સ્વયં

છે. નિરાકુળતા પ્રગટી એટલે આનંદ એમ નહી. પણ આનંદગુણ સ્વયં એક ચેતનમાં એક આનંદગુણ છે. જેમ જ્ઞાનગુણ છે. તેમ એક આનંદગુણ પણ છે. ઈ જે જડ કે કોઈમાં નથી. એવો એક ચેતનમાં કોઈ વચનાતીત એવો આનંદગુણ છે. જે શાસ્ત્રમાં આવે છે કે જે વચનાતીત છે, કોઈ સ્વસંવેદન આલ્હાદરૂપ કોઈ અપૂર્વ પ્રગટે છે. આનંદગુણ સ્વરૂપ આત્મામાં છે. ૧૫.

* પ્રશ્ન : એની ઓળખાણ, નિરાકુળતા સાથે એની ઓળખાણ બરાબર હોતી નથી.

● ઉત્તર : નિરાકુળતા સાથે એની ઓળખાણ નથી, ઈ તો સુખ અને શાંતિરૂપે એની ઓળખાણ છે. નિરાકુળતા એટલી કે સુખ અને શાંતિ. આ આનંદ ગુણ તો કોઈ સ્વયં છે કે જેને કોઈ વિભાવમાં જેની કોઈ ઉપમા નથી કે જે અનુપમ છે કે જેને કોઈ ઉપમા લાગુ નથી પડતી. એવો આનંદગુણ જે નિર્વિકલ્પ દશામાં પ્રગટ થાય. એની ભેદજ્ઞાનની ધારામાં પણ ઈ આનંદગુણ પ્રગટ નથી થાતો. ઈ વિકલ્પ તૂટે ત્યારે જ આનંદગુણ પ્રગટે છે. ૧૬.

* પ્રશ્ન : તે વખતે મોહાદિનો અભાવ થાય છે. એટલે આપણે એને ઓળખાણ આપીએ કે મને નિરાકુળતા થઈ, એ છે વસ્તુ આખી જુદી, સદ્‌ભાવરૂપ વસ્તુ છે?

● ઉત્તર : એ જુદી જ વસ્તુ. મોહથી અભાવ છે તે એક નિરાકુળતા થઈ. નિરાકુળતા માત્ર નહીં. એનાથી વિશેષ અનુપમ છે. ૧૭.

* પ્રશ્ન : અને અનુભવ ગમ્ય છે?

● ઉત્તર : અનુભવગમ્ય છે. ઈ કોઈ વાણીનો, વચનનો, કોઈ વિષય નથી. એને કોઈ ઉપમા લાગુ પડતી નથી. ૧૮.

* પ્રશ્ન : આત્મામેં જ્ઞાનગુણ હૈ તો જ્ઞાનગુણકી પર્યાય તો બરાબર જાનનેમેં આતી હૈ. તો સુખગુણ ભી હૈ આત્મા તો સુખગુણકી પર્યાય તો જાનનેમેં નહીં આતી?

● ઉત્તર : ઈ સુખગુણ તે જ્ઞાન, જ્ઞાનસ્વભાવ એસા અસાધારણ ગુણ હૈ, તો યે અસાધારણ હૈ, તો જ્ઞાન તો જાનનેમેં આતા હૈ. પણ સુખગુણ હૈ એ તો, એ તો એસે બહારમેં સુખકી કલ્પના હો રહે, સુખ ગુણ તો જબ સ્વાનુભૂતિ હોતી હૈ, વિકલ્પ તૂટે તબ ઈસ સુખકા અનુભવ હોતા હૈ. આનંદ તો ઉસકો તો આનંદ પ્રગટ હોતા હૈ. યે સુખકા સ્વભાવ ઐસા હૈ જ્ઞાનકા સ્વભાવ એસા હૈ કિ અસાધારણ ગુણ હૈ, તો એ જ્ઞાન તો જાનનેમેં આતા હૈ, સુખકા સ્વભાવ હી એસા હૈ. જ્ઞાન તો એસા અસાધારણ વિશેષ ગુણ હૈ. ઈસલિયે વો જાનનેમેં આતા હૈ. 'એ જ્ઞાન હૈ, મૈં જ્ઞાયક હું.' યે જાનનેમેં આતા હૈ. ભેદજ્ઞાન કરકે અંશે શાંતિ પણ, યથાર્થ આનંદકા અનુભવ તો વિકલ્પ તૂટે તબ આતા હૈ, સ્વાનુભૂતિમેં આનંદ આતા હૈ. ઈસકા સ્વભાવ એસા હૈ. આનંદગુણ ઔર જ્ઞાનગુણ ઈસમેં ફેર હૈ. જ્ઞાનગુણ તો અસાધારણ ગુણ હૈ. ૧૯.

* પ્રશ્ન : વિશેષ ગુણમેં ભી તફાવત હૈ ?

● ઉત્તર : હાં, ઉસમેં તફાવત હૈ. આત્મામેં અનંત ગુણ હૈ. એમાં જ્ઞાનગુણ મુખ્ય અસાધારણ ગુણ હૈ. વિશેષ ગુણ હૈ. ચૈતન્ય ચેતનાગુણ હૈ. અસાધારણ ગુણ હૈ. બેય તત્વ જુદા પડ્યા. જડ તત્ત્વ ચૈતન્ય તત્વ. જડ કાંઈ જાનતા નહીં. એ ચૈતન્યતત્ત્વ તો જાનનેવાલા હૈ. યે અસાધારણ ગુણ ઈસકા હૈ. ઓલા પુદ્ગલકા જડ હૈ જાનતા નહિં હૈ, અસાધારણ ગુણ હૈ એ જ્ઞાનસ્વભાવ હૈ. વિશેષ ગુણ હૈ. ૨૦.

* પ્રશ્ન : સુખગુણ ભી વિશેષગુણ (હૈ) ?

● ઉત્તર : જ્ઞાનસ્વભાવ વિશેષ ગુણ હૈ. મુખ્યગુણ હૈ આત્માકા, જ્ઞાનગુણ મુખ્ય હૈ. સુખગુણ પણ મુખ્ય તો હૈ, પણ ઐસે વિકલ્પ તૂટે બિના અનુભવમેં નહીં આતા. જબ વિકલ્પ તૂટે, તબ હી અનુભવમેં આતા હૈ સુખ ગુણ. ઔર જ્ઞાન સ્વભાવ તો ઐસે જાનનેમેં આતા હૈ કે 'મૈં જાનનેવાલા હૂઁ'. યે જ્ઞાનસ્વભાવ તો લક્ષણસે પિછાન લેતા હૈ. ૨૧.

✻ પ્રશ્ન : કોઈક વાર તો અંતરમાં ઢગલાં ને ઢગલા થઈ જાય ક્યારેક સહજ ઈ હોય તેમ રહે. બેનો આંતરો શું?

● ઉત્તર : કે કોઈ વાર પુરુષાર્થની ગતિ એવી જાતની થાય કે અંતરમાંથી ઢગલાં ને ઢગલાં આવે એમ. કોઈ વાર સહજ દશા હોય, એમ હોય એમ. હજી જ્યાં સુધી વીતરાગ દશા નથી થઈ, ક્ષાયિક વીતરાગ પર્યાય નથી થઈ તો પુરુષાર્થની ગતિ હજી ક્ષયોપશમ ભાવે છે ને? એટલે એમ કોઈ વાર ઢગલાં દેખાય, કોઈ વાર મધ્યમ દેખાય, કોઈ વાર એમ દેખાય........ ૨૨.

✻ પ્રશ્ન : કોઈવાર આનંદ વધારે આવે. કોઈવાર ઓછો આવે.

● ઉત્તર : આનંદ વધારે આવે એમ નહીં. એની દશા વધતી જાય. એની સવિકલ્પતામાં પણ દશા વધતી જાય ને નિર્વિકલ્પતામાં પણ દશા વધતી જાય. મુનિ છઠ્ઠે સાતમે ગુણસ્થાને ઝૂલતા હોય તો ક્ષયોપશમ ચારિત્ર હોય ને અંતર્મુહૂર્ત અન્તર્મુહૂર્તે સ્વરૂપમાં લીન થાય છે. તો એની ચારિત્રની દશા તો છઠ્ઠે સાતમે ગુણસ્થાને ઝૂલે એવી જ છે. તો પણ એને કોઈ વિશેષ, ગાઢપતા વિશેષ, સવિકલ્પતામાં વિશેષતા દેખાય ને નિર્વિકલ્પતામાં વિશેષતા દેખાય. અનેક પ્રકારનું દેખાય. કોઈ જ્ઞાનની નિર્મળતા દેખાય, દર્શન અવગાઢતા, ચારિત્રમાં વિશેષતા દેખાય. દર્શન તો એક પ્રકારનો હોય છે. તે અવગાઢતામાં જ્ઞાન, ચારિત્રના અનેક પ્રકારો દેખાય. ૨૩.

✻ પ્રશ્ન : ઈ આનંદનું અમને કાંઈ ખબર પડે, ભાષામાં આવે ?

● ઉત્તર : ભાષામાં ન આવે, કારણ કે જે જગતની કોઈ વસ્તુને એને ઉપમા આપી શકાતી નથી. એ તો અપૂર્વ છે. ચૈતન્યવસ્તુ જુદી, એના ગુણો જુદાં, એનો આનંદ જુદો, બધું જુદું છે. એ તો એને ઉપમા અનેક પ્રકારે ગુરુ સમજાવવા માટે ઉપમા આપે છે. ગુરુદેવ જુદી જુદી જાતની ઉપમા આપે, પૂરણપુરીની ઉપમા આપે, ઘીની આપે, અનેક જાતની આપે, ઘીનો સ્વાદ કેવો? ગુરુદેવ ઘણી વાર

કહેતા, કોઈ એનું વર્ણન બોલવા જાય તો બોલી ન શકાય. એમ આત્માનો આનંદ અપૂર્વ છે. ચારે બાજુથી લોકોને એના સ્વાદ હોય છે ઈ દષ્ટિએ બાકી ચૈતન્યવસ્તુ જુદી છે. અને આ તો જડ વસ્તુ તો જુદી જ છે. લોકોને સમજાવવું શી રીતે? કારણ કે એને કોઈ ઉપમા જડની લાગુ પડતી નથી. દેવલોકની ઋદ્ધિની પણ ઉપમા એને લાગુ પડતી નથી. ઈન્દ્રના ઈન્દ્રાસનો ને, દેવલોકની ઋદ્ધિ, 'રજકણ કે ઋદ્ધિ વૈમાનિક દેવની, સર્વે માન્યા પુદ્‌ગલ એક સ્વભાવ જો,' બધાં પુદ્‌ગલનાં સ્વભાવો છે. ઈ સ્વભાવ અને ચૈતન સ્વભાવ બે જુદી વસ્તુ છે. એ આનંદ અપૂર્વ છે. ચૈતન્ય ઈ તો અનુપમ છે. ઉપમા લાગુ પડતી નથી. ૨૪.

✻ પ્રશ્ન : એવો કેવો આનંદ? શું થાય? એ વખતે શું દેખાય આપણને? કે જોવાનું જાણવાનું કે એમ થાય કે જાણનારને જાણવું જાણવું છે એ વાત બધી બરાબર. પછી એમાં આનંદ આવે છે તો કેવો આનંદ હોય? એનું કેવું સ્વરૂપ હોય? કેવી જાતનું?

● ઉત્તર : વિકલ્પમાં જ્યાં સુધી ઊભો છે, ત્યાં સુધી આનંદ પ્રગટતો નથી. વિકલ્પથી છુટ્ટો પડે, તો પ્રગટે. પણ વિકલ્પથી છુટ્ટો પહેલાં ભેદજ્ઞાન થાય તો વિકલ્પથી છૂટ્ટો પડે અને ઈ ભેદજ્ઞાન ઈ યથાર્થ પરિણતિવાળું હોવું જોઈએ. પહેલાં તો અભ્યાસરૂપ થાય છે. પછી એની પરિણતિ પ્રગટ થાય ત્યાં સુધી તો એને આનંદ પોતે વિકલ્પમાં હોય, ત્યાં એની શ્રદ્ધા કરે, અપૂર્વતા કરે, થાય પહેલા, પછી થાય, પહેલાં તો પ્રતીત કરે યથાર્થ કે આત્મામાં આનંદ છે એમ. ૨૫.

✻ પ્રશ્ન : બની શકે તો અમને.............

● ઉત્તર : ઉપદેશ, ગુરુદેવને બધા ઉપદેશ તો એમ જ આવે. બની શકે તો સમ્યક્‌દર્શનથી માંડીને પૂર્ણતા પ્રાપ્ત કરજે. કેવળજ્ઞાન સુધી પ્રાપ્ત કરજે. તારાથી થાય તો, અને ન થાય તો શ્રદ્ધા રાખજે. ૨૬.

✻ પ્રશ્ન : નિર્વિકલ્પદશામાં જે આનંદ અને સવિકલ્પદશામાં જે શાંતિ બે છે તો આત્માના જ ગુણો છે, તે છતાં આપ જે બે ભેદ

પાડો છો. કઈ રીતે? નિર્વિકલ્પદશામાં નિર્મળ આનંદ છે અને આમાં (સવિકલ્પદશામાં) સરાગ શાંતિ છે?

● ઉત્તર : વિકલ્પ છૂટીને જે આનંદ આવે છે એ આનંદમાં એકલો આત્મા જ છે. બીજા કોઈ તરફ (લીનતા નથી.) એકલા આત્મામાં જ લીનતા છે. એક આત્મા સિવાય કાંઈ નથી. એમાં જે આનંદની પરિણતિ પ્રગટ થાય છે ઈ જુદી છે. એ વિકલ્પદશામાં ભેદ, જુદું તો રહે જ છે. જ્ઞાયક પોતે જે નિર્વિકલ્પમાં છે ઈ જ્ઞાયક સવિકલ્પમાં એનો એ જ્ઞાયક છે. સાથે સાથે વિકલ્પ છે. વિકલ્પ છે એટલે જુદો રહે છે. એકત્વ બુદ્ધિની આકુળતા નથી. છુટ્ટો રહે છે. છુટ્ટો રહે છે માટે ઈ અપેક્ષાએ એને શાન્તિ વેદાય છે. શાન્તિ છે મંદ કષાયની શાન્તિ નહીં. છુટ્ટો રહીને શાન્તિ વેદે છે. અને આત્મા જે કોઈ અદ્‌ભુત સ્વરૂપ છે. એમાં ઈ અદ્‌ભુત સ્વરૂપ આત્માનું છે. છે એમાં ઈ પ્રગટ નથી. એને ઉઘાડ છે ને ઉપયોગાત્મક છે. ૨૭.

✻ પ્રશ્ન : ઈ સ્પષ્ટ ખ્યાલમાં આવે ઈ શાન્તિ લાગે ઈ?

● ઉત્તર : વેદન અંદર એકાગ્રતાની લીનતા એક આત્મામાં જ છે. આત્માનું જ વેદન કરી રહ્યો છે. બીજા કોઈ તરફ એનું કોઈ લક્ષ્ય જ નથી. ઉપયોગ ક્યાંય નથી. કોઈ વિકલ્પમાં ઉપયોગ નથી. કોઈ જાતના નથી. એક ઉપયોગ સ્વરૂપમાં જામેલો જ છે. એનું જે સ્વરૂપ છે ઈ સ્વરૂપમાં જ જામેલો ઉપયોગ છે. માટે સ્વરૂપનું જ વેદન કરી રહ્યો છે. જગતથી બધાં વિકલ્પથી છૂટ્ટો પડી વિભાવોના લોકથી છુટ્ટો પડીને સ્વભાવ લોકમાં ચાલ્યો ગયો છે. ત્યાંથી વિભાવનો લોક છે કે નથી એની ખબર પણ નથી. એક સ્વભાવમાં જ રહે. સ્વભાવનું જ વેદન છે. સ્વભાવને જ દેખી રહ્યો છે. સ્વભાવને વેદન કરી રહ્યો છે. સ્વભાવને જ જાણી રહ્યો છે ઈ વખતે. ઈ તો સવિકલ્પમાં સ્વભાવ તરફ પરિણતિ છે. સ્વભાવ તરફની પરિણતિ છે સ્વભાવ તરફ શાંતિ છે. સ્વભાવ તરફ જ્ઞાયકની ધારા છે. પણ સ્વભાવમાં એવો જામેલો નથી. વિભાવ ને સ્વભાવ બેય

સાથે, એને જ્ઞાનમાં જણાઈ રહ્યા છે. વિભાવ ને સ્વભાવ બેય જણાય છે. પોતે છુટ્ટો રહીને જાણે છે. પણ ઉપયોગ એવો જામેલો નથી સ્વરૂપમાં. ઉપયોગ જામેલો નથી. જામેલો નથી એટલે એનું વેદન પણ ઈ પ્રકારે નથી. ઈ તો એક જ છે. નિર્વિકલ્પ દશાનો આનંદ, સવિકલ્પદશાનો (આનંદ) એ બેય જુદો જ છે. એ શાન્તિ, એ શાન્તિ. એકત્વબુદ્ધિમાં મંદકષાયની શાન્તિ હોય, એનાથી જ્ઞાયકધારાની શાન્તિ જુદી છે. એ મંદ કષાયની શાન્તિ નથી. ઈ છુટ્ટો રહીને શાન્તિ છે એની. પણ નિર્વિકલ્પદશાનો આનંદ ને શાન્તિ બેય જુદાં જુદાં છે. ઈ ગૃહસ્થાશ્રમમાં હોય તો પણ એમ છે અને ચારિત્રદશા વધે તો મુનિ દશામાં પણ બહાર આવે, તો ઈ નિર્વિકલ્પ દશા જુદી ને સવિકલ્પદશા, એ બે દશા જુદી છે. બે એમ ફેર જ રહે છે. મુનિ દશામાં કાંઈ બીજુ થઈ જાય છે એમ પણ નથી. સવિકલ્પમાં ઉપયોગ બહાર વિકલ્પ તરફ આવ્યો એટલે જ્ઞાયકની પરિણતિ એને ચારિત્ર સહિતની પરિણતિ છે મુનિને. વિશેષ ચારિત્ર છે. ચારિત્ર એને સવિકલ્પના હોય પણ એણે અમુક કષાયો ટળી ગયા છે. લીનતાનું એકદમ જોર વર્તે છે. તો પણ ઉપયોગ બહાર છે. સ્વરૂપમાં જામે અને આખુંય પોતે સ્વરૂપ, સ્વરૂપ ચૈતન્યલોકમાં ચાલ્યો જાય છે. એનું વેદન જ એક ચૈતન્ય તરફનું છે..... કેવળજ્ઞાનીની જુદી વાત છે. પોતે સ્વરૂપમાં જામી ગયાં, ઉપયોગ જામી ગયો, જ્ઞાનની નિર્મળતા. બધા વિકલ્પ છૂટી ગયા. અબુદ્ધિપૂર્વક પણ બધું છૂટી ગયું ને સહજપણે લોકાલોક જણાય છે. તો પણ સ્વરૂપમાં પોતે એવા નિર્મળપણે પોતામાં જામી જાય છે. એમાં જ એનો અદ્ભુત આનંદ તો એમ ને એમ રહે છે. લોકાલોક જણાય તોય રહે છે. લોકાલોક નુકશાન નથી કરતું. ૨૮.

પરમ ઉપકારી સદ્‌ગુરુદેવનો જય હો... ભગવતી માતનો જય હો.